# 3. શીલવંત સાધુને

## સ્વાધ્યાય

1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:

1) 'જેને શત્રુ ને મિત્ર એકે નહીં ઉરમાં' - પંક્તિનો ભાવ જણાવો.

(A) બધા દુશ્મનો હોવાનો ભાવ

(B) બધા મિત્રો હોવાનો ભાવ

(C) જીવનથી નિર્લેપ બનવાનો ભાવ

(D) શત્રુને નિર્લેપ બનાવવાનો ભાવ

2) 'શીલવંત સાધુ'નો શબ્દાર્થ

(A) ચારિત્ર્યવાન

(B) શરમાળ

(C) નાશવંત

(D) લજ્જાશીલ

2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો:

1) ભજનની અંતિમ પંક્તિમાં ગંગાસતી કોને ઉદ્દેશીને વાત કરી રહ્યાં છે ?

- ભજનની અંતિમ પંક્તિમાં ગંગાસતી પાનબાઈને ઉદ્દેશીને વાત કરી રહ્યાં છે.

2) શીલવંત સાધુના ચિત્તની વૃત્તિ કેવી હોય છે ?

- શીલવંત સાધુના ચિત્તની વૃત્તિ નિર્મળ હોય છે

## 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો:

### 1) ગંગાસતી પાનબાઈને કેવી વ્યક્તિની સંગત કરવાનું કહે છે?

- જે સંતના હૃદયમાં શત્રુ કે મિત્ર એવા કોઈ ભેદ હોતા નથી, જેનાં મન, વચન અને વાણીમાં એકરૂપતા છે; જે આઠે પહોર દિવ્યાનંદમાં રહે છે અને જે પરમાત્માના ધ્યાનમાં લીન છે; જેનું જીવન નિર્મોહી છે અને જેનું મન હંમેશાં ભજનમાં પરોવાયેલું રહે છે, એવી વ્યક્તિની સંગત કરવાનું ગંગાસતી પાનબાઈને કહે છે.

### 2) કવયિત્રી વારંવાર નમવાનું શા માટે કહે છે?

- શીલવંત સાધુમાં આદર્શ સંતના તમામ ગુણો હોય છે. એના ચિત્તની વૃત્તિ પરમાત્મામાં લીન હોય છે. ગમે તેવી પરિસ્થિતિમાં પણ એના વર્તનમાં કોઈ ફેર પડતો નથી. આવા સંત પર જ પરમાત્માની કૃપા વરસે છે. આથી કવયિત્રિ શીલવંત સાધુને વારંવાર નમવાનું કહે છે.

## 4. નીચેના પ્રશ્નનો સાત–આઠ લીટીમાં જવાબ આપો:

### 1) 'શીલવંત સાધુ' તમે કોને કહેશો તે કાવ્યના આધારે જણાવો.

- 'શીલવંત સાધુને' ભજનમાં ગંગાસતીએ પાનભાઈને ચારિત્ર્યવાન સાધુને ઓળખી તેનો જ સંગ કરવાની સલાહ આપી છે. આ ભજનમાં 'શીલવંત સાધુ'નાં લક્ષણો દર્શાવ્યાં છે: ચારિત્ર્યવાન સાધુના નિર્મળ અને પવિત્ર હોય છે. આથી જ પરમાત્માની એમના પર કૃપા વરસે છે. એમના હૃદયમાં શત્રુ કે મિત્ર એવો કોઈ ભેદભાવ હોતો નથી. એમનું લક્ષ્ય તો કેવળ પરમાર્થ જ હોય છે. એમનાં મન, વચન અને વાણીમાં એકરૂપતા હોય છે. એ સાધુના નિયમ સારી રીતે પાળે છે. એ આઠે પહોર દિવ્યાનંદમાં રહે છે. એમની બ્રહ્માવસ્થા જાગી ગઈ હોય છે. એ પ્રભુના ધ્યાનમાં જ મસ્ત હોય છે. એ નામ અને રૂપથી પર હોય છે એટલે કે એ મોહમાયાથી પર હોય છે. એ હંમેશાં ભજનમાં જ વ્યસ્ત હોય છે. એમને કેવળ પરમાત્માનાં વચનોમાં જ વિશ્વાસ હોય છે. આવા સંતનો સંગ કરવાથી સંસાર તરી જવાય છે.